બાળકનો શિકાર કરનાર દીપડી પકડાઈ

મહાલ આસપાસના ગામોમાં ભયનું વાતાવરણ હતું પણ હવે દીપડી પાંજરે પુરાતા લોકોને રાહત થઇ

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના મહાલ ગામે થોડા દિવસો પૂર્વે સાત વર્ષના માસૂમ બાળક પર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારનારી આદમખોર દીપડીને પકડવામાં ઉત્તર વન વિભાગને મોટી સફળતા મળી છે.ઉત્તર વન વિભાગનાં ડી.સી.એફ.મુરાલીલાલ મીણાનાં માર્ગદર્શન હેઠળ બરડીપાડા રેંજનાં આર.એફ.ઓ ડી.એસ.હળપતિ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં આ હિંસક દીપડી કેદ થતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે. ઉત્તર ડાંગ વન વિભાગની બરડીપાડા રેન્જમાં આવતા મહાલ ગામનો બાળક રિતેકભાઈ જિતેરામભાઈ ધુલુમ (ઉંમર વર્ષ 7) દાદી સાથે પશુઓ ચરાવવા ગયો હતો. તે સમયે પોતાના બચ્ચા સાથે નીકળેલી દીપડીએ અચાનક રિતેક પર હુમલો કરતા ગંભીર ઈજાઓ પહોંચતા માસૂમનું મોત નિપજ્યું હતું. આ ઘટના બાદ સમગ્ર પંથકમાં ભારે ફફડાટ અને રોષ જોવા મળ્યો હતો. બાળકના મોતના પગલે ઉત્તર વન વિભાગે તાત્કાલિક હરકતમાં આવી ડી.સી.એફ. મુરાલીલાલ મીણાના માર્ગદર્શન હેઠળ અને આર.એફ.ઓ. દીપકભાઈ (ડી.એસ.) હળપતિની સીધી દેખરેખ હેઠળ દીપડીને પકડવા માટે પાંજરા ગોઠવ્યા હતા. જેને પગલે માનવભક્ષી બનેલી આ દીપડી ગત રાત્રે વન વિભાગના પાંજરામાં આબાદ ઝડપાઈ ગઈ હતી. પકડાયેલી દીપડીને હાલ બરડીપાડા રેન્જ ખાતે વન વિભાગના ખાસ ઓબ્ઝર્વેશન (નિરીક્ષણ) હેઠળ રાખવામાં આવી છે. નિષ્ણાતો દ્વારા તેની તપાસ કર્યા બાદ તેને સુરક્ષિત રીતે અન્યત્ર ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવશે. માસૂમ બાળકના શિકાર બાદ મહાલ અને આસપાસના ગામોમાં ભયનું વાતાવરણ હતું, ખેડૂતો ખેતરે જવાનું પણ ટાળતા હતા. હવે આદમખોર દીપડી પાંજરે પુરાતા લોકોએ વન વિભાગની ટીમનો આભાર માન્યો છે. જોકે, ઉત્તર વન વિભાગે હજુ પણ ગ્રામજનોને જંગલ વિસ્તારમાં સાવચેતી રાખવા અપીલ કરી છે.

ડાંગનાં વઘઈમાં દીપડો પકડાયો

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર ગણાતા વઘઈના ભરવાડ ફળિયામાં છેલ્લા ઘણા સમયથી ફેલાયેલો દીપડાનો ફફડાટ આખરે દૂર થયો છે. દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમારનાં માર્ગદર્શન હેઠળ વઘઇ રેંજનાં આર.એફ.ઓ ડી.કે.રબારીની ટીમ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં એક કદાવર દીપડો ઝડપાઈ જતાં લોકોએ મોટી રાહત અનુભવી છે. વઘઈના ભરવાડ ફળિયા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડો અવારનવાર દેખા દેતો હતો. રાત્રિના સમયે દીપડો રહેણાંક વિસ્તારની નજીક આંટાફેરા મારતો હોવાથી લોકોમાં ભારે દહેશત વ્યાપી હતી. પશુઓ પર હુમલો થવાના ડરે લોકો રાત્રે ઘરની બહાર નીકળતા પણ ગભરાતા હતા. આ અંગે ગ્રામજનોએ દક્ષિણ વન વિભાગને દીપડાને પાંજરે પૂરવા માંગ કરી હતી. જે રજૂઆતને ગંભીરતાથી લઈને દક્ષિણ ડાંગ વન વિભાગનાં વઘઇ રેંજનાં આર.એફ.ઓ ડી.કે. રબારી દ્વારા દીપડાની અવરજવર વાળા માર્ગો પર પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. આજે વહેલી સવારે જ્યારે વન વિભાગની ટીમ તપાસ કરવા પહોંચી ત્યારે પાંજરામાં દીપડો કેદ થયેલો જોવા મળ્યો હતો. જેને પગલે લોકો તેને જોવા માટે ઉમટી પડ્યા હતા.

ખેરગામમાં દંપતીની બાઇક પાછળ દીપડો દોડ્યો

ખેરગામ : ખેરગામમાં એક દંપતી બાઇક ઉપર જઈ રહ્યુ હતુ, ત્યાં જ દસેક ફૂટના અંતરે દીપડો આવી ચડતા દંપતી ભયભીત થતા તેમણે ઝડપથી ગાડી ભગાવતા દીપડો તેમની પાછળ દોડ્યો હતો. ખેરગામના શામળા ફળિયા લક્ષ્મીનારાયણ મંદિર મહોલ્લામાં રવિવારની સવારે છ વાગ્યાની આસપાસ માજી ટેલિફોન અધિકારી એ.જી.પટેલના દીકરા-વહુ વલસાડની બસ પકડવા માટે ઘરથી બાઈક પર જવા નીકળ્યા હતા ત્યાં જ દસેક ફૂટ દૂર દીપડો દેખાતા તેમણે ગાડી ભગાવી તો પાછળ બસોએક ફૂટ સુધી દોડતા બંનેએ ગભરાઈને વધુ ઝડપે હંકારી ખેરગામ આવી ગયા હતા. એજી પટેલ પરિવાર સાથે ઓટલે બેઠા હતા, ત્યાં સાંજે ફરી ક્યારામાં દીપડો દેખાતા બૂમાબૂમ કરવા લાગ્યા હતા, આજુબાજુના મહોલ્લાવાસીઓ પણ દોડી આવ્યા હતા, પરંતુ દીપડો કોતરમાં અદ્રશ્ય થઈ ગયો હતો. જેથી અમૃતભાઈએ ખેરગામ સરપંચનો સંપર્ક કરી જંગલ ખાતા પાસે તાકીદે આ વિસ્તારમાં પાંજરુ મુકાવી દીપડાને પકડીને રહીશોને ભયમુક્ત કરવા જણાવ્યું હતું.

વિન્ટર ફેસ્ટિવલમાં રજાઓના માહોલમાં સાપુતારા પેક

ગિરીશ ભોયે

- સાપુતારા : ડાંગ જિલ્લાનાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ચાલી રહેલા 'વિન્ટર ફેસ્ટિવલ 2025' એ પ્રવાસીઓમાં ભારે આકર્ષણ જમાવ્યુ છે. સાપુતારા વિન્ટર ફેસ્ટિવલના પ્રારંભિક દિવસોમાં ડ્રોન શોના કામણ બાદ હવે શનિ-રવિની રજાઓમાં મનોરંજન અને સાહસિક પ્રવૃત્તિઓએ ધૂમ મચાવી છે. શનિવારે રાત્રિના સમયે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતની પ્રખ્યાત ગાયિકા ઈશાની દવેએ પોતાની આગવી શૈલીમાં ગીતોની રમઝટ બોલાવી હતી. અને પ્રવાસીઓ મન મૂકીને ઝૂમતા નજરે પડ્યા હતા. શનિવાર અને રવિવારની રજા હોવાને કારણે સાપુતારામાં પ્રવાસીઓની ચીક્કાર ભીડ જોવા મળી રહી છે. ગુજરાતના ખૂણે ખૂણેથી અને પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાંથી પણ મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા છે. જેને પગલે લેક વિસ્તારમાં બોટિંગ માટે પ્રવાસીઓની લાંબી કતારો જોવા મળી હતી. સાહસના શોખીનો માટે પેરાગ્લાયડીંગ હોટ ફેવરિટ રહ્યું છે. ગવર્નર હિલ અને અન્ય પોઈન્ટ્સ પર એડવેન્ચર એક્ટિવિટીઝમાં યુવાનોનો ઘસારો જોવા મળ્યો હતો. અગાઉ યોજાયેલા ભવ્ય ડ્રોન લાઈટ શોમાં પેરાગ્લાઇડિંગ અને સાપના આકારોએ જે આકર્ષણ જમાવ્યું હતું.

31st ડિસેમ્બરની ઉજવણીને લઈ વલસાડ પોલીસ એક્શન મોડમાં

17 ચેકપોસ્ટ અને ડ્રોન સર્વેલન્સ સાથે સઘન બંદોબસ્ત, ડ્રોન અને સ્પેશિયલ સ્કવોડ દ્વારા સર્વેલન્સ

વલસાડ : આગામી ૩૧મી ડિસેમ્બરની ઉજવણીને અનુલક્ષીને વલસાડ જિલ્લા પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. લોકો આનંદ અને ઉલ્લાસથી તહેવાર ઉજવી શકે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે કડક બંદોબસ્ત ગોઠવ્યો છે.

વલસાડ પોલીસ દ્વારા સંઘપ્રદેશ દમણ, સેલવાસ તથા મહારાષ્ટ્ર રાજ્યની હદમાંથી પ્રવેશતા વાહનો પર ખાસ નજર રાખવામાં આવશે. હાલમાં કાર્યરત ૧૧ પોલીસ ચેકપોસ્ટ ઉપરાંત બીજી ખાસ ૦૬ નવી ચેકપોસ્ટ શરૂ કરી કુલ ૧૭ ચેકપોસ્ટ પર સઘન વાહન ચેકિંગ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ જગ્યાઓએ ૩૬ જેટલા વાહન ચેકિંગ પોઈન્ટ ગોઠવવામાં આવ્યા છે. સંઘપ્રદેશ અને મહારાષ્ટ્ર તરફથી દારૂની હેરાફેરી કરતા તેમજ દારૂનું સેવન કરીને ગુજરાતમાં પ્રવેશતા વાહન ચાલકોની બ્રેથ એનાલાયઝર મશીન દ્વારા તપાસ કરવામાં આવશે અને નશો કરીને વાહન ચલાવનારાઓ વિરુદ્ધ ડ્રંક એન્ડ ડ્રાઈવના કેસો કરવામાં આવશે. સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે સંવેદનશીલ વિસ્તારો અને હાઈરાઈઝ બિલ્ડીંગો પર ડ્રોન કેમેરા દ્વારા સર્વેલન્સ કરવામાં આવશે. આ ઉપરાંત, ક્યુ.આર.ટી. (Q.R.T), ડોગ સ્કવોડ અને બી.ડી.ડી.એસ. (B.D.D.S) દ્વારા સંવેદનશીલ તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં કોમ્બિંગ અને પેટ્રોલિંગની કામગીરી કરવામાં આવશે.

ફાર્મહાઉસ અને પાર્ટી પ્લોટ પર બાજનજર

જિલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ ફર્લો તથા સ્થાનિક પોલીસ અધિકારીઓ દ્વારા જિલ્લાના તમામ ફાર્મ હાઉસ, પાર્ટી પ્લોટ, ક્લબ તથા હોટલોમાં પણ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે.

ધારાગીરીમાં આધેડનું હાર્ટએટેકથી મોત

નવસારી :નવસારીના ધારાગીરીમાં આધેડનું હાર્ટએટેકથી મોત થયાનું બહાર આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તારીખ 27/12/2025ના રોજ સાંજે 5:30 થી 6:00 કલાકના અરસામાં ધારાગીરી ગામે વિરવાડી હનુમાનજીના મંદિર તરફ જતા રસ્તા પર આવેલા સુનિલભાઈના ગોડાઉન સામેના રોડ પર બાબુભાઈ નાથુભાઈ પટેલ (ઉ.વ.51, રહે. ગણદેવા, કેવડીયા ફળીયું, તા.જી. નવસારી) ચાલતા ચાલતા અચાનક પડી ગયા હતા. ઘટનાને પગલે તેમને તાત્કાલિક સારવાર માટે નવસારીની કેજલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન ડોક્ટરે હાર્ટ એટેક આવવાના કારણે તેમનું મોત થયાનું જાહેર કર્યું હતું. આ બાબતે મૃતકના પુત્ર પરેશ પટેલ દ્વારા પોલીસને જાહેરાત આપવામાં આવી હતી. જાહેરાતના આધારે પોલીસે એ.ડી. નોંધાવી અને આગળની કાર્યવાહી સબ ઈન્સ્પેક્ટર એ.એલ. સૈયદ દ્વારા હાથ ધરવામાં આવી છે.

વલસાડના ચીખલા ફાટક પાસે પતંગના દોરાથી આધેડનું ગળું કપાયું

વલસાડ : ઉત્તરાયણ પર્વ પૂર્વે જ જીવલેણ દોરાની ઘાતક અસરો સામે આવવા લાગી છે. વલસાડના મોગરાવાડી વિસ્તારમાં રહેતા એક આધેડ ગઈકાલે સાંજે પતંગના દોરાની ઝપેટમાં આવી જતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા.

વલસાડના મોગરાવાડીમાં રહેતા રામ ટુકાર નકછેડ રાઉટ (ઉંવ.50) ગતરોજ પોતાના બે મજૂરો સાથે ડુંગરી ખાતે કામે ગયા હતા. સાંજના સમયે તેઓ પોતાની બાઈક પર પરત ઘરે ફરી રહ્યા હતા, ત્યારે વલસાડના ચીખલા ફાટક પાસેથી પસાર થતી વખતે અચાનક પતંગનો દોરો આડો આવ્યો હતો. ત્રણ વ્યક્તિઓ બાઈક પરથી નીચે પટકાયા, બાઈક ચલાવી રહેલા રામટુકારના ગળાના ભાગે દોરો ભરાઈ જતાં તેમણે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણેય વ્યક્તિઓ રસ્તા પર પટકાયા હતા. જોકે, દોરો ગળામાં ફસાઈ જવાથી રામટુકારનું ગળું ગંભીર રીતે કપાઈ ગયું હતું. અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત આધેડને વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

નવસારીમાં દિવસે ગરમી, સવારે ઠંડક

નવસારી : હવામાનના અહેવાલ મુજબ તારીખ 27 અને 28 ડિસેમ્બર 2025 દરમિયાન નવસારી જિલ્લામાં હવામાનમાં કોઈ વિશેષ ફેરફાર નોંધાયો નથી. તારીખ 27ના રોજ મહત્તમ તાપમાન 32.0 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 17.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તારીખ 28/12/2025ના રોજ મહત્તમ તાપમાન 30.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 17.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. આગામી દિવસોમાં હવામાન સ્થિર રહેવાની શક્યતા છે.

ખેરગામમાં રવિવારની રજાના નિર્ણય સામે વિરોધ

વેપારી મંડળના નિર્ણયથી બે ભાગલા જેવી સ્થિતિ

ખેરગામ : ખેરગામ વેપારી મંડળ દ્વારા દર મહિનાના અંતિમ રવિવારે તમામ વેપાર-ધંધા બંધ રાખવાના લેવાયેલા નિર્ણયનો આજથી અમલ શરૂ થયો છે, પરંતુ તેની સાથે વિરોધનો વંટોળ પણ ઊઠ્યો છે. મંડળના પ્રમુખ અમૃત પટેલ દ્વારા જાહેર કરાયેલી આ નવી વ્યવસ્થા સામે આદિવાસીઓમાં નારાજગી જોવા મળી છે.

મંડળનો તર્ક છે કે, વેપારીઓ પરિવાર સાથે સમય વિતાવી શકે એ માટે મહિનામાં એક રવિવારની રજા જરૂરી છે. જોકે, વિરોધ કરી રહેલા વેપારીઓનું કહેવું છે કે, રવિવાર એ ધંધા માટેનો મુખ્ય દિવસ હોય છે અને આવા નિર્ણયોથી આર્થિક નુકસાન થઈ શકે છે. નાના દુકાનદારોમાં ગણગણાટ શરૂ થયો છે કે, રજાનો નિર્ણય સ્વૈચ્છિક હોવા છતાં મંડળ દ્વારા પરોક્ષ દબાણ કરવામાં આવી રહ્યું છે. આજે ૨૮ ડિસેમ્બરે જ્યારે બંધનો પ્રથમ દિવસ છે, ત્યારે જ વેપારીઓમાં બે ફાંટા જોવા મળ્યા હતા. આ બાબતે આદિવાસી વિસ્તારના એક whatsapp ગ્રુપમાં આક્રોશ સાથે મેસેજ ફરતા થયા હતા. કિટ્ટુ નામક યુવકે મેસેજમાં જણાવ્યું હતું કે, આપણા ગામમાં આપણું જ ચાલવું જોઈએ. નહીં કે બહારના. આ આદિવાસી વિસ્તાર છે ભાઈ, નહીં કે રાજસ્થાન. ખેરગામના આદિવાસી સમાજે વેપારી મંડળ સાથે નિર્ણય લેવો જરૂરી છે. આપણા આદિવાસી સમાજની જાણ બહાર નિર્ણય લેવાયો છે. આપણા ખેરગામમાં કેટલાક વેપારીઓ આદિવાસી છે જ નથી. રાજસ્થાની કે કચ્છી છે, એટલે સમાજના લોકો સાથે જોડાયેલા રહેવું જરૂરી છે.

ગઈકાલે મંડળના પ્રમુખે સ્પષ્ટતા કરી છે કે આ નિર્ણય માત્ર સંગઠનની એકતા માટે છે કોઈને અન્યાય કરવાનો નથી. ખાણી-પીણી અને ઈમરજન્સીને આમાંથી મુક્તિ અપાઈ છે, છતાં અન્ય વેપારીઓ કે જેઓ રવિવારે સારો વ્યવસાય કરે છે, તેઓ આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. જે વેપારીઓને વાંધો હોય તેમને પ્રમુખની રૂબરૂ મુલાકાત કરવા જણાવાયું હતું.

બુલેટ ટ્રેન ઓવરબ્રિજ પાસે જુગાર રમતા 6 ઝડપાયા

જુગાર મરતા પકડાયેલા તમામ આરોપીઓ બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા

પોલીસે રોકડા, દાવ પરના, 6 મોબાઈલ, 3 ટુ-વ્હીલર અને 1 અર્ટીગા કાર મળી 5,67,550નો મુદ્દામાલ જપ્ત કર્યો

નવસારી : આમડપોરથી તેલાડા તરફ જતા રોડની બાજુમાં આવેલા બુલેટ ટ્રેન ઓવરબ્રિજ નજીક ખુલ્લી જગ્યામાં તીન પત્તી પૈસા પાનાનો જુગાર ચાલતો હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે તારીખ 27/12/2025ના રોજ સાંજે 7:45 કલાકે રેડ હાથ ધરી હતી, રેડ દરમિયાન જુગાર રમતા કુલ 6 શખ્સોને રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા. તમામ આરોપીઓ બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પકડાયેલા આરોપીઓમાં કલ્પેશભાઈ પ્રવિણભાઈ પ્રજાપતિ (ઉ.વ.24), રાવતલાલ ઉર્ફે રાહુલ ભવરલાલ પ્રજાપતિ (ઉ.વ.39), બનવારીલાલ ગોવિંદભાઈ પ્રજાપતિ (ઉ.વ.35), ભગવાનરામ ચુનારામ પ્રજાપતિ (ઉ.વ.45), ભંવરલાલ સેવારામ પ્રજાપતિ (ઉ.વ.49) તથા શ્રવણસિંહ મોટીસિંહ દહિયા (ઉ.વ.47)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા 42,500, દાવ પરના રૂપિયા 5,050, ગંજીપાનાના કુલ 52 નંગ, 6 મોબાઈલ ફોન (કીંમત રૂપિયા 30,000), 3 ટુ-વ્હીલર (કીંમત રૂપિયા 90,000) અને 1 અર્ટીગા કાર (કીંમત રૂપિયા 4,00,000) મળી કુલ રૂપિયા 5,67,550નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સમગ્ર મામલે નિસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા કલમ-12 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. કેસની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.એમ.પાટીલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

સાપુતારામાંથી આંતરરાજ્ય ચોરી કરનારા ત્રણ ઝડપાયા

પોલીસે રોકડ રકમ રૂપિયા ૫,૧૩,૧૮૦, હ્યુન્ડાઇ કાર, તથા ચાંદીની બે ચેન ત્રણ મોબાઈલ મળી 20 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

સાપુતારા : ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસે આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરનાર અને રીઢા ગુનાહિત ઈતિહાસ ધરાવતી ગેંગના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમજ સાપુતારા પોલીસે 20 લાખ રૂપિયા કરતાં વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ૩૧મી ડિસેમ્બરને ધ્યાને રાખીને ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પી.આઈ. પી.ડી.ગોંડલિયાની ટીમ સાપુતારા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હતી. આ દરમિયાન મહારાષ્ટ્ર તરફથી આવતી હ્યુન્ડાઇ ક્રેટા ગાડી નંબર GJ-20-CB-2646 ને રોકી તપાસ કરતા, તેમાંથી લોખંડની કોશ (ગણેશીયુ) મળી આવી હતી. જેથી સાપુતારા પોલીસે ચાલકને ગાડી સાઈડમાં ઉભી રાખવા જણાવતા ચાલક ગાડી ભગાડી ગયો હતો, પરંતુ સાપુતારા પોલીસે પીછો કરીને ગાડી સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય બે જંગલમાં નાસી છૂટ્યા હતા. સાપુતારા પોલીસે અનિલ ભાભોર (ઉ.વ. ૨૭, રહે. ગરબાડા, દાહોદ), વકીલ તેરસિંગ ભાભોર (ઉ.વ. ૩૨, રહે. ગરબાડા), મિથુન ભાભોર (રહે. ગરબાડા, દાહોદ) ને ઝડપી પડ્યા હતા. જ્યારે કમલેશ ભાભોર અને કાંતી ભાભોરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ તમામ આરોપીઓ અગાઉ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરી, લૂંટ અને હત્યા જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા છે. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેઓએ ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના અકલુજ ખાતે આવેલી કન્સટ્રકશન ઓફિસમાં ચોરી કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂપિયા ૨૦,૩૬,૬૮૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારના વિરોધમાં ચીખલીમાં વિહિપ દ્વારા પૂતળા દહન

ધર્મેશ પટેલ

ધેજ : બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારના વિરોધમાં ચીખલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પૂતળા દહન કરવામાં આવ્યું હતું. બાંગ્લાદેશમાં હિન્દુ યુવક પર થયેલા જીવલેણ હુમલાની ઘટનાને પગલે ચીખલી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રોષ વ્યક્ત કરી ચીખલી એસ.ટી. બસ ડેપો સર્કલ પાસે એકત્રિત થયેલા કાર્યકરો અને મહિલાઓએ વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. ખેરગામના કથાકાર પ્રફુલ શુક્લની ઉપસ્થિતિમાં પૂતળા દહન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં હર્ષદભાઇ પંડ્યા, હિતેશભાઇ પટેલ, જયેશભાઇ વૈષ્ણવ, જૈનેશ કાયસ્થ, નરેન્દ્રભાઇ ભટ્ટ અને વિષ્ણુભાઇ સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર અત્યાચારનાં વિરોધમાં ગણદેવીમાં પૂતળા દહન

ફેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી વંદે માતરમ ચોક ઉપર રવિવારે મોડી સાંજે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળે આક્રોશ પ્રદર્શન, પૂતળા દહન કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જેના કારણમાં વીતેલા લાંબા સમયથી બાંગ્લાદેશમાં મુસ્લિમ કટ્ટરવાદી તોફાની તત્વોએ હિન્દૂ સમુદાય ઉપર અનેક હુમલાઓ કર્યા છે. હિંદુઓ, તેમની સંપત્તિ અને મંદિરોને નિશાન બનાવ્યા છે. અનેક નિર્દોષ હિંદુઓએ જીવ ગુમાવ્યા છે. બાંગ્લાદેશનાં કાર્યકારી શાસકનું પૂતળા દહન કરાયું હતું. અને સૂત્રોચ્ચાર પણ કરાયા હતા. આ પ્રસંગે હિન્દુ સંગઠનનાં સંજય ભગત, હિરેન શાહ, જનક જાની, વિનોદ કુમાવત અને રઘુ ભરવાડ સહિત અનેક અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

દમણ શ્રીનાથજી ગ્રુપ ઓફ કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

દમણ : સંઘપ્રદેશ દમણની શ્રીનાથજી ગ્રુપ ઓફ કોલેજમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય મહેમાન તરીકે દમણ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રીનાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ગુજરાતી ગરબા, રાજસ્થાની નૃત્ય, રેટ્રો ડાન્સ અને મહાભારતની થીમ પર નાટક રજૂ કર્યું હતું. આ ઉપરાંત રામાયણની થીમ ઉપર ફેશન શો નું પણ આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમને સફળ બનાવવા બદલ સંચાલક મંડળ તરફથી કોલેજના આચાર્ય, સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

બીલીમોરાના મકાનમાં શોર્ટ સર્કિટથી આગ

ફેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા શહેના બીલીનાકા ચાર રસ્તા વિસ્તારના રહીશ ફકીર મોહમ્મદ ઇબ્રાહીમના ઘરમાં અચાનક શોર્ટ સર્કિટ થવાને કારણે આગ ફાટી નીકળી હતી. આગ લાગવાની જાણ થતા જ બીલીમોરા ફાયર બ્રિગેડની ટીમે પહોંચી આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘરવખરીને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા જ બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ પટેલ, ફાયર ચેરમેન અંકિતભાઈ ટંડેલ, પ્રજ્ઞેશ પટેલ સહિતના પાલિકાના અન્ય સભ્યો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

દેગામ રેલવે ઓવરબ્રિજ પાસેથી લોખંડના સળિયા બિનવારસી મળી આવ્યા

ધેજ : ચીખલીના દેગામ રેલવે ઓવરબ્રિજ પાસે ખુલ્લી જમીનમાં લોખંડના સળિયા બિનવારસી હાલતમાં મળી આવતા પોલીસે માલનો કબ્જો લઈ વધુ તપાસ હાથ ધરી હતી. ચીખલી પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમ્યાન પૂર્વ બાતમીના આધારે ચીખલી તાલુકાના દેગામ રેલવે ઓવરબ્રિજની પાસે રિલીફ હોટેલની બાજુમાં ખુલ્લી જમીનના ભાગે ગેરકાયદે નાના-મોટા લોખંડના સળિયા નંગ-૧૪૩ જેનું વજન ૧૪૭૬ કિલોગ્રામ જેની અંદાજીત કિંમત રૂપિયા ૮૧,૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જો કે સ્થળ ઉપર એક ઇસમની પૂછપરછ કરી લોખંડના સળિયાના બિલ કે આધાર પુરાવાની માંગણી કરતા પોલીસ સમક્ષ સંતોષ કારક જવાબ ન આપી ગલ્લા તલ્લા કરતા પોલીસે સમારામ ઉર્ફે સુરેશ દોલારામ ચૌધરી (ઉ.વ-૪૦) (રહે.ખારેલ આનંદ વાટીકા સોસાયટી તા.ગણદેવી જી.નવસારી)ની તપાસ કરી એક મોબાઇલ મળી કુલ રૂપિયા ૮૬,૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ખારવેલની બી.આર.ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે એન્યુઅલ ડે યોજાયો

આસીફ શેખ

ધરમપુર : ધરમપુરના ખારવેલ ખાતે આવેલી બી.આર.ઈન્ટરનેશનલ સ્કુલનો એન્યુઅલ ડે કથાકાર બટુક વ્યાસના સાનિધ્યમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં તેમણે પોતાના નાનપણના સંસ્મરણો વગોળી 1 થી 10 સુધીનો અભ્યાસ સરકારી સ્કુલમાં પૂરો કર્યો હોવાનું જણાવી ઈંગ્લીશ મિડિયમ શાળા શરૂ થતા આદિવાસી વિસ્તારમાં બાળકોને ઘર આંગણે સારું શિક્ષણ મળી રહ્યું હોવાનું જણાવી ખુશી વ્યક્ત કરી હતી. એડવોકેટ જયદીપસિહ સોલંકીએ શાળા પ્રગતિના પંથે આગળ વધે એવી લાગણી વ્યક્ત કરી હતી. નર્સરીથી ધો.12ના બાળકોને એવોર્ડ મહાનુભાવોના હસ્તે એનાયત કરાયા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે નગર પાલિકા પ્રમુખ મયંક મોદી તથા શહેર ભાજપ પ્રમુખ અમીત ચોરેરા, બાંધકામ ચેરમેન સમીપ રાંચ, ખારવેલના સરપંચ રાજેશ પટેલ તથા બીઆર શાળાના મેનેજર પુખરાજ, આચાર્ય સુરેશભાઈ, વાઈસ પ્રિ. બુધ્ધેશ્વરી દાસ સહિત આગેવાનો તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્ય